# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

- ❖ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમરેલીમાં 292 કરોડ રૂપિયાના 77 જેટલા વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે
- ❖ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી ત્રણ દિવસ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવનાં પ્રવાસે
- ❖ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, ઝેરમુક્ત ખેતી એ આજના યુગની તાતી જરૂરિયાત છે.
- ❖ વડનગરમાં તૈયાર થયેલા એશિયાના પ્રથમ પુરાતત્વ અનુભવ સંગ્રહાલયનું કામ 90 ટકા પૂર્ણ
- ❖ યાત્રાધામ અંબાજી મંદિરમાં આજે પ્રક્ષાલન વિધિ હોવાથી આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરાયો

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM AMRELI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમરેલીમાં 292 કરોડ રૂપિયાના 77 જેટલા વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી પટેલ અમરેલીમાં 42 કરોડ 48 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા નવા બસ-પોર્ટનું લોકાર્પણ કરશે. તેમ જ લાલાવદર ખાતે 13 કરોડ 64 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થનારી રમતગમત ઈમારતનું ખાતમુહૂર્ત કરશે. ઉપરાંત તેઓ 24 કરોડ 98 લાખ રૂપિયાના ખર્ચે ગાયકવાડી સ્થાપત્યના નમૂના એવા રાજમહેલની નવીકરણ કામગીરીનું પણ ખાતમુહૂર્ત કરશે.

ઉપરાંત શ્રી પટેલ શહેરી વિકાસ વિભાગના 12 કામ, માર્ગ અને મકાન વિભાગના 12 કામ સહિતના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ઉપરાંત તેઓ સાવરકુંડલા બાયપાસ રસ્તા પર રેલવે ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત અને લિલિયા ગ્રામ પંચાયત કચેરીના જેટીંગ મશીન તથા સાવરકુંડલા તાલુકાના ત્રણ 66 કેવી સબ-સ્ટેશનનું પણ લોકાર્પણ કરશે. દરમિયાન મુખ્યમંત્રી આંબરડી સફારી પાર્કની અને અમરેલીના આદર્શ ગામ તરીકે ખ્યાતિ ધરાવતા દેવરાજીયા ગામની પણ મુલાકાત લેશે.

---

- (પીટીસી – અમરેલી - પ્રવેશ)

-(NAVIN)

# VP- VISIT Daman

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે આવશે. કેન્દ્રશાસિત પ્રદેશની આ તેમની પ્રથમ મુલાકાત હશે. શ્રી ધનખડ અનેક માળખાકીય અને વિકાસ પરિયોજનાઓની મુલાકાત લેશે. તેઓ આજે દમણના જામપોરમાં પક્ષીગૃહનું પણ ઉદ્ઘાટન કરશે. તેમ જ આરોગ્ય અને સુખાકારી કેન્દ્ર, સરકારી ઇજનેરી મહાવિદ્યાલય રીંગણવાડા પંચાયત અને જમ્પરિન ખાતે રીંગણવાડા શાળાની પણ મુલાકાત લેશે.

તેઓ આવતીકાલે સિલવાસામાં નમો તબીબી શિક્ષણ અને સંશોધન સંસ્થાનની મુલાકાત લેશે. ઉપરાંત તેઓ દીવમાં સ્થાનિક પંચાયતો અને નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને મળશે. શ્રી ધનખડ, ખુખરી વેસલ અને દીવ કિલ્લા સહિત મુખ્ય સ્થળોની મુલાકાત લેશે. રવિવારે તેઓ દીવમાં ઘોઘલા બલ્યૂ ફ્લેગ બીચ અને ઘોઘલા ટેન્ટ સિટીની મુલાકાત લેશે. તેઓ  પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત બનેલા ફ્લેટ્સ અને દીવ ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે.

------------------------------------------------------------------

- રીપીટ

# GOVERNOR ORGANIC FARMING

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, રાસાયણિક ખેતીના કારણે આપણે આજે દૂષિત વાતાવરણનો સામનો કરી રહ્યા છીએ. કરોડો ટન યુરિયાના ઉપયોગના કારણે વાયુમંડળ આજે પ્રદૂષિત થયું છે. આવા સમયે આપણે સૌએ ખેતીને બચાવવી હશે તો દેશી ગાય પાળવાની આપણી પરંપરાને અપનાવી જ પડશે. આણંદ જિલ્લાના આણંદ જિલ્લાના ઈસરવાડા ખાતે યોજાયેલા કિસાન સંમેલનને સંબોધતાં રાજ્યપાલે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી દેવવ્રતે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે ઉંમેર્યું કે, યુરીયા, D.A.P., જંતુનાશક દવાના પરિણામે આપણે ગંભીર બિમારીનો ભોગ બની રહ્યા છીએ. ઝેરમુક્ત ખેતી એ આજના યુગની તાતી જરૂરિયાત છે. રાજ્યપાલશ્રીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેના શપથ લેવડાવ્યા હતા.

---------------------------------------------------------------------

- (માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# PATAN ORGANIC FARMING

પાટણ જિલ્લામાં ધનાવાડા ગામના એક ખેડૂત છેલ્લા ચાર વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી અનેક ખેડૂતોને પ્રેરણા પૂરી પાડી રહ્યાં છે. તેમણે એક એકર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિની મદદથી 4 હજાર 300 રૂપિયાના ખર્ચે મગફળીનું વાવેતર કર્યું હતું. તેના થકી તેમને 44 હજાર 800 રૂપિયાની આવક મળી હતી.

પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતે આ મુજબ જણાવ્યું....

(બાઈટ – વિરમજી ઠાકોર, ખેડૂત, પાટણ)

---------------------------------------------------------------------

- (માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# VADNAGAR MUSEUM

મહેસાણાના વડનગરમાં તૈયાર થયેલા એશિયાના પ્રથમ પુરાતત્વ અનુભવ સંગ્રહાલયનું કામ 90 ટકા પૂર્ણ થઈ ગયું છે. આ સંગ્રહાલય દેશનાં અતૂલ્ય વારસાને જીવંત બનાવશે. 21 મીટર ઊંચા અને 326 થાંભલા પર 13 હજાર 525 ચોરસ ફૂટ વિસ્તારમાં આ સંગ્રહાલય પથરાયેલું છે. બાકીનું 10 ટકા કામ પૂર્ણ થયાં બાદ આગામી ત્રણ મહિનામાં આ સંગ્રહાલય પ્રવાસીઓ માટે ખૂલ્લું મુકાય તેવી શક્યતા છે.

સંગ્રહાલયના ત્રણ માળની ગેલેરીમાં વડનગરના સાત વિવિધ કાળની સંસ્કૃતિની પ્રતીતિ કરાવતા ચિત્રો અને મળી આવેલા અવશેષો હશે. ઉલ્લેખનીય છે કે, દેશ અને એશિયાનું આ પ્રથમ સંગ્રહાલય હશે, જેમાં લોકો ઉત્ખનન ક્ષેત્રને જીવંત નીહાળી શકશે.

---------------------------------------------------------------------

- (ndms – pravesh)

-(NAVIN)

# AMBAJI MANDIR DARSHAN SAMAY

યાત્રાધામ અંબાજી મંદિરમાં આજે પ્રક્ષાલન વિધિ હોવાથી આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે, મંદિરની પ્રણાલિકા મુજબ આજે ભાદરવા વદ ત્રીજ નિમિત્તે બપોરે દોઢ વાગ્યે માતાજીના નિજ મંદિરમાં પ્રક્ષાલન વિધિનો પ્રારંભ થશે. તેના કારણે સવારની આરતી સાડા 7 વાગ્યાથી આઠ વાગ્યા સુધી કરાશે.

જ્યારે ભક્તો 8 વાગ્યાથી સાડા 11 વાગ્યા સુધી દર્શન કરી શકશે. બપોરે 12 વાગ્યે માતાજીને રાજભોગ અર્પણ કરાશે. ત્યારબાદ બપોરે સાડા 12 વાગ્યાથી એક વાગ્યા સુધી ભક્તો દર્શન કરી શકશે. જ્યારે સાંજની આરતી રાત્રે નવ વાગ્યે કરાશે. આવતીકાલથી આરતી અને દર્શનનો સમય રાબેતા મુજબનો રહેશે.

---

- (પીટીસી – બનાસકાંઠા – પ્રવેશ)

-(NAVIN)

# SVCHHTA HI SEVA

આ વર્ષે સ્વચ્છ ભારત મિશનના 10 વર્ષની ઉજવણીના ભાગ રૂપે 17 સપ્ટેમ્બર થી 31 ઓકટોબર સુધી સ્વચ્છતા હી સેવા 2024 પખવાડિયાની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજકોટના ધોરાજી નગરપાલિકા વિસ્તારમાં આવેલ જનતા બાગ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ અને જસદણ શહેરમાં આવેલા જિલેશ્વર પાર્ક ખાતે યોગ શિબિરનું આયોજન કરાયું હતું. જ્યારે જસદણ નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં રાત્રી સફાઈની કામગીરી કરવામાં આવી હતી.

----------------------------------------------------------------------

- yadi

હર્ષ -(NAVIN)

# KUTCH UNDERPASS INAUGURATION

કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ ગઈકાલે અંજારમાં રેલવે ક્રોસિંગ નંબર 10 ખાતે અંડરપાસનો શિલાન્યાસ કર્યો હતો. આ અંડરપાસ બનવાથી અંજારથી વરસામેડી ગામ તરફ જતાં 23 હજારથી વધુ વાહનોને લાભ થશે. આ અંડરપાસનું કામ એક વર્ષમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

-----------------------------------------------------------------------

- (હિન્દુસ્થાન સમાચાર – પ્રવેશ)

-(NAVIN)

# KHEDUT I PORTAL

રાજ્યના ખેડૂતો સરકારની ખેડૂતલક્ષી યોજનાઓનો લાભ મેળવી શકે તે માટે આઈ-ખેડૂત પોર્ટલ આવતીકાલથી ખુલ્લું મૂકાશે.. આ પોર્ટલ વિવિધ જિલ્લા માટે તબક્કાવાર સાત દિવસ માટે અરજી મેળવવા ખુલ્લું રખાશે..

ખેડૂતો માટેની ખેત ઓજાર, એગ્રો સર્વિસ પ્રોવાઈડર, પાક મૂલ્યવૃદ્ધિ, ફાર્મ મશીનરી બેંક, મિલેટ પ્રોસેસિંગ યુનિટ, તાડપત્રી, પાક સંરક્ષણ સાધનો, પાવર સંચાલીત પંપ સેટ્સ, સોલાર પાવર યુનિટ, વોટર કેરીંગ પાઇપલાઈન અને રાઈડ ઓન સેલ્ફ પ્રોપેલ્ડ મલ્ટીપર્પઝ ટૂલબાર જેવી યોજનાઓ માટે આઇ-ખેડૂત પોર્ટલ તબક્કાવાર ખુલ્લું રહેશે.

રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિદ્વારકા સહિતના કુલ 11 જિલ્લાના ખેડૂતો માટે આવતીકાલથી 27 સપ્ટેમ્બર સુધી, અમદાવાદ, ખેડા, આણંદ, ગાંધીનગર સાથેના 10 જિલ્લાના ખેડૂતો માટે 23 થી 29 સપ્ટેમ્બર સુધી અને  મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા સહિતના 12 જિલ્લાના ખેડૂતો આગામી 24 થી 30 સપ્ટેમ્બર, સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાશે.

---

- રીપીટ

# KILLA PARDI BUS SEVA

વલસાડના કિલ્લા પારડીથી નાનાપોંઢા ઈન્ટરસિટી બસ સેવાનો આરંભ થયો છે.. ધારાસભ્ય જીતુ ચૌધરીએ હસ્તે લીલીઝંડી આપી  આ બસ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો.. આ બસ સેવાનો લાભ રોજ સવારે 5-30 વાગ્યેથી શરૂ થઈ રાત્રે 8-30 વાગ્યા સુધી દર દોઢ કલાકે મુસાફરો મળશે. આ બસ સેવાનો વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને જરૂરીયાતમંદોને ફાયદો થશે. આ રૂટના બસ ભાડામાં કોઈ વધારો ઘટાડો કરવામાં આવ્યો નથી..

---------------------------------------------------------------------

- HINDUSTAN SAMACHAR, HARSHAL PANDYA, SONAL